# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામના સિલચરથી 23 હજાર 550 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શુભારંભ કરાવ્યો

2) કેન્દ્ર સરકારે ઘરો, હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ અને અન્ય આવશ્યક સેવાઓને અવિરત ઇંધણ પુરવઠો સુનિશ્ચિત કર્યો

3) અમેરિકાના રાષ્ટ્રપતિ કહ્યું, પશ્ચિમ એશિયાઈ ક્ષેત્ર પર પ્રભુત્વ મેળવવાની ઈરાનની યોજનાઓ નિષ્ફળ થઈ

4) કેન્દ્ર સરકારે સોનમ વાંગચુકની અટકાયત તાત્કાલિક અસરથી રદ કરી

5) ભારતીય મહિલા ટીમ FIH હોકી વિશ્વ કપ ક્વોલિફાયર્સ 2026 ની ફાઇનલમાં આજે ઈંગ્લેન્ડ સામે રમશે

..................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM ASSAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આસામના સિલચરથી 23 હજાર 550 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શુભારંભ કરાવ્યો. શ્રી મોદીએ સિલચરના અંબિકાપુર ખાતે ત્રણ પ્રોજેક્ટ્સનું 'ભૂમિ પૂજન' કર્યું. આ જેમાં 22 હજાર 800 કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે સિલચર હાઇ-સ્પીડ કોરિડોર, આશરે 565 કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે સિલચર ટાઉન ફ્લાયઓવર અને 122 કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે પથરકાંડી કૃષિ કોલેજનો સમાવેશ થાય છે. આ પ્રસંગે શ્રી મોદીએ કહ્યું, બરાકવેલી પૂર્વોત્તર પરિવહન અને વેપાર કેન્દ્ર બનશે.

(બાઇટ : PM---SILCHAR-EMPLOYMENT)

. . . . . . . . . . . . . . .

# PM - KOLKATA VISIT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કોલકાતામાં આશરે 18 હજાર 680 કરોડના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી આશરે 16 હજાર 990 કરોડના ખર્ચે 420 કિલોમીટરથી વધુના અનેક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ.**

**(VC – કૌશિક)**

. . . . . . . . . . . . . . . .

પુલ-જયેશ વેગડા –તૃષ્ણા

# DAY GOVT BRIEFING - WEST ASIA

સરકારે ઘરો, હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ અને અન્ય આવશ્યક સેવાઓને અવિરત ઇંધણ પુરવઠો સુનિશ્ચિત કર્યો છે. રિફાઇનરીઓમાં સ્થાનિક LPG ઉત્પાદનમાં 30 ટકાથી વધુનો વધારો થયો છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ, સુજાતા શર્માએ ગઈકાલે નવી દિલ્હીમાં આયોજિત પશ્ચિમ એશિયામાં તાજેતરના વિકાસ પર આંતર-મંત્રીસ્તરીય બ્રીફિંગ દરમિયાન આ માહિતી શેર કરી. તેમણે જણાવ્યું હતું કે ગ્રાહકોને પ્રાથમિકતા વિતરણ માટે રાજ્ય સરકારોને વાણિજ્યિક LPG સિલિન્ડર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. તેમણે માહિતી આપી હતી કે વાહનો માટે ઘરેલુ PNG અને CNG કોઈપણ કાપ વિના સુનિશ્ચિત કરવામાં આવી રહ્યા છે.

(બાઇટ : SUJATA SHARMA)

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# US-IRAN

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, ઈરાન સમગ્ર પશ્ચિમ એશિયાઈ ક્ષેત્ર પર પ્રભુત્વ મેળવવા અને ઇઝરાયલનો નાશ કરવાની મહત્વાકાંક્ષા ધરાવે છે, પરંતુ દાવો કર્યો છે કે તે યોજનાઓ હવે નિષ્ફળ થઈ છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે કહ્યું હતું કે યુનાઇટેડ સ્ટેટ્સ સેન્ટ્રલ કમાન્ડે ઈરાનના ખાર્ગ ટાપુ પર લશ્કરી લક્ષ્યો પર વિશાળ "બોમ્બમારો કર્યો હતો, અને દાવો કર્યો હતો કે આ કાર્યવાહીથી ટાપુ પરના દરેક લશ્કરી સ્થળનો "સંપૂર્ણપણે નાશ" થયો હતો. તેમણે કહ્યું હતું કે આ હુમલો તેમના આદેશ પર કરાયો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તે પ્રદેશના ઇતિહાસમાં સૌથી શક્તિશાળી બોમ્બમારો દરોડાઓમાંનો એક હતો. તેમણે ઉમેર્યું હતું કે યુનાઇટેડ સ્ટેટ્સે જાણી જોઈને ટાપુ પર તેલ માળખા પર હુમલો કરવાનું ટાળ્યું હતું.

. . . . . . . . . . . . . . .

# US- EMBASSY ATTACK- IRAQ

ગઈકાલે રાત્રે ઇરાકના બગદાદમાં અમેરિકાની દૂતાવાસ પર એક મિસાઇલ હુમલો થયો. બગદાદમાં યુએસ એમ્બેસી તરફથી તાત્કાલિક કોઈ નિવેદન અપાયું નથી. ઈરાની રાજ્ય પ્રસારણકર્તાએ અહેવાલ આપ્યો છે કે બગદાદમાં યુએસ એમ્બેસી ખાતે રડાર સિસ્ટમને નિશાન બનાવવા માટે એક આત્મઘાતી ડ્રોનનો ઉપયોગ કરાયો હતો. ઇરાક લાંબા સમયથી યુનાઇટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે પ્રોક્સી યુદ્ધભૂમિ રહ્યું છે.

. . . . . . . . . . . . . . . .

# PUNJAB-SHAH RALLY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પંજાબના મોગાના ગામ - કિલી ચહલાં એક રેલીને સંબોધશે. જેને 'બદલાવ રેલી' નામ અપાયું છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, ગૃહમંત્રીએ કહ્યું છે કે પંજાબમાં દરેક વ્યક્તિ પરિવર્તન ઇચ્છે છે કારણ કે 'આપ-દા સરકાર' એ સૈનિકો, ખેડૂતો અને મહેનતુ લોકોના રાજ્યને ભ્રષ્ટાચાર, માદક પદાર્થ અને ગુનામાં ડૂબાડી દીધું છે. રાજ્યની આ રિમોટ કંટ્રોલ સરકારમાં કાયદો અને વ્યવસ્થા અને વિકાસ દેખાતો નથી.

. . . . . . . . . . . . . . .

# SONAM WANGCHUK-NSA REVOKED

કેન્દ્ર સરકારે સોનમ વાંગચુકની અટકાયત તાત્કાલિક અસરથી રદ કરી દીધી છે, જેમને ગયા વર્ષે સપ્ટેમ્બરમાં રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ અટકાયતમાં લેવાયા હતા. ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે સરકાર લદ્દાખમાં શાંતિ, સ્થિરતા અને પરસ્પર વિશ્વાસનું વાતાવરણ બનાવવા માટે પ્રતિબદ્ધ છે જેથી તમામ હિસ્સેદારો સાથે રચનાત્મક અને અર્થપૂર્ણ વાતચીતને સરળ બનાવી શકાય. મંત્રાલયે ઉમેર્યું હતું કે, આ ઉદ્દેશ્યને આગળ ધપાવતા અને યોગ્ય વિચારણા પછી, અટકાયત રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગૃહ મંત્રાલયે કહ્યું કે તે આશા રાખે છે કે પ્રદેશને લગતા મુદ્દાઓ રચનાત્મક જોડાણ અને સંવાદ દ્વારા ઉકેલવામાં આવશે.

. . . . . . . . . . . . . . .

# DUBAI CONSULATE-VISA SERVICES

દુબઈ સ્થિત ભારતીય કોન્સ્યુલેટે પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતીને કારણે ભારતમાં અટવાયેલા વિદેશી નાગરિકો માટે નિયમિત ભારતીય વિઝા અને ઈ-વિઝા લંબાવવાની જાહેરાત કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, કોન્સ્યુલેટે જણાવ્યું કે 28 ફેબ્રુઆરી પછી અસરગ્રસ્ત વિદેશી નાગરિકો માટે નિર્ધારિત સમય કરતાં વધુ સમય માટે રોકવા પર લાગતો દંડ પણ માફ કરાશે. આ ઉપરાંત અસરગ્રસ્ત વિદેશી નાગરિકોને નિ:શુલ્ક એક્ઝિટ પરમિટ અપાશે. ઉડાનોના માર્ગ પરીવર્તનના કારણે ભારતમાં આવતા વિદેશી નાગરિકોને કામચલાઉ નિ:શુલ્ક લેન્ડિંગ પરમિટ અપાશે.

. . . . . . . . . . . . . . .

# WOMEN'S HOCKEY – FINAL

ભારતીય મહિલા ટીમ FIH હોકી વર્લ્ડ કપ ક્વોલિફાયર્સ 2026ની ફાઇનલમાં આજે ઇંગ્લેન્ડ સામે રમશે.આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.ટીમનું નેતૃત્વ સલીમા ટેટે કરશે.

ભારતે ગઇકાલે હૈદરાબાદના જી. એમ. સી. બાલયોગી હોકી ગ્રાઉન્ડ ખાતે ઇટાલીને 1-0થી હરાવી ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.મનીષા ચૌહાણે 40મી મિનિટે ગોલ કરી ભારતને જીત અપાવી હતી.

. . . . . . . . . . . . . . .

# NAVRATRI SPECIAL TRAIN

ઉત્તર રેલવેએ નવી દિલ્હીથી શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સુધીની ખાસ અનામત ટ્રેનના સંચાલનને લંબાવવાનો નિર્ણય લીધો છે.નવી દિલ્હીથી કટરા સુધીની ટ્રેન હવે 17 માર્ચથી 30 માર્ચ સુધી 14 ફેરા સાથે જ્યારે કટરાથી નવી દિલ્હી સુધીની ટ્રેન 18 માર્ચથી 31 માર્ચ સુધી દોડશે.

ચૈત્ર નવરાત્રિ નિમિત્તે માતા વૈષ્ણોદેવીના દર્શન કરવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ધસારાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે.

. . . . . . . . . . . . . . .

# JITENDRA SINGH-ENGINE

કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે તમિલનાડુમાં 22-ટન થ્રસ્ટ CE-20 ક્રાયોજેનિક એન્જિનના સફળ પરીક્ષણ બદલ ભારતીય અવકાશ સંશોધન સંગઠન -ISROને અભિનંદન પાઠવ્યા.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી સિંહે જણાવ્યું કે નોઝલ સુરક્ષા પ્રણાલી અને મલ્ટી-એલિમેન્ટ ઇગ્નીટર સાથેનું આ સફળ પરીક્ષણ, દેશની અદ્યતન ક્રાયોજેનિક પ્રોપલ્શન ક્ષમતાઓને મજબૂત કરવા અને LVM-3 કાર્યક્રમની વિશ્વસનીયતા વધારવા તરફનું બીજું એક મહત્વપૂર્ણ પગલું છે.

. . . . . . . . . . . . . . .

# RIJIJU-CHANDRASEKHAR

કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું કે સરકાર તમામ લઘુમતી સમુદાયોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે.

શ્રી રિજિજુએ ભારતીય જનતા પાર્ટીના નેતા રાજીવ ચંદ્રશેખર દ્વારા દેશમાં લઘુમતી સમુદાયોની માન્યતા અને રક્ષણની જરૂરિયાત અંગેના નિવેદન બાદ સોશિયલ મીડિયા સંદેશમાં આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે બધી યોજનાઓ અને પહેલો ન્યાયી, પારદર્શક અને સમાવિષ્ટ રીતે લાગુ કરવામાં આવે છે, જેથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને વંચિત વર્ગોને યોગ્ય લાભ મળે.

તેમણે કહ્યું કે, સરકાર સંવાદિતા, ન્યાય અને "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ" ની ભાવના જાળવવા માટે હિતધારકો સાથે સતત વાતચીત ચાલુ રાખશે.

. . . . . . . . . . . . . . . .